# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,સુરત.

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત. - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

web :- www.suratdeo.org


જા.નં.મકમ/ 12630 તારીખ.૧૬-૦૯-૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી / મુખ્ય શિક્ષકશ્રી,

તમામ સરકારી / ગ્રાન્ટેડ / ખાનગી શાળાઓ,

સુરત જિલ્લો.

વિષય: રાષ્ટ્રીય નમૂના મોજણી (NSS) અંતર્ગત ASUSE-2026 સર્વેની કામગીરીમાં સહકાર આપવા બાબત.

સંદર્ભ:૧. આંકડા અધિકારીશ્રી (નિ.)ની કચેરી, વડોદરાનો પત્ર ક્રમાંક: રનમ/ASUSE/મોજણી/ ૨૦૨૬/ ૧૦૨૬, તા. ૧૬/૦૯/૨૦૨૬

૨. અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક: રનમ/મોજણી/ ૨૦૨૬ /૧૦૯-૧૩-૧૧૦૧૫, તા. ૦૧/૦૭/૨૦૨૬

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે ભારત સરકારના સાંખ્યિકી અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) હેઠળની રાષ્ટ્રીય આંકડાકીય કચેરી (NSO) દ્વારા દેશવ્યાપી વિવિધ સામાજિક-આર્થિક સર્વે હાથ ધરવામાં આવે છે. ચાલુ વર્ષ ૨૦૨૬ દરમિયાન "Annual Survey of Unincorporated Sector Enterprises (ASUSE)-2026" સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

ઉક્ત સર્વેની કામગીરી માટે નિયુક્ત અધિકૃત અધિકારીશ્રીઓ/સર્વેયરશ્રીઓ દ્વારા વિવિધ સ્થળોએ જઈ જરૂરી માહિતી એકત્રિત કરવામાં આવનાર છે. આ કામગીરી દરમિયાન આપની શાળામાં સર્વે/સંશોધન હેતુસર અધિકૃત ટીમના સભ્યો આવે ત્યારે તેમને જરૂરી સહકાર, માર્ગદર્શન તથા ઉપલબ્ધ હોય તેવી સંબંધિત માહિતી પૂરી પાડવા જણાવામાં આવે છે

આ સાથે, શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો કે અન્ય સંબંધિત વ્યક્તિઓ પાસેથી કોઈ માહિતી લેવામાં આવતી હોય તો તે સર્વેના અધિકૃત હેતુ અને નિયત પ્રક્રિયા મુજબ જ લેવામાં આવે તથા શાળાની નિયમિત શૈક્ષણિક કામગીરીને કોઈ વિક્ષેપ ન પડે તેની કાળજી રાખવા જણાવવામાં આવે છે.

આ રાષ્ટ્રીય સ્તરની મહત્વપૂર્ણ સર્વે કામગીરીમાં આપશ્રી તથા શાળાના સ્ટાફ તરફથી જરૂરી સહકાર મળી રહે તે માટે જણાવવામાં આવે છે

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત, જિ.સુરત.

**સવિનય નકલ રવાના:**

આંકડા અધિકારીશ્રી (નિ.), આંકડા અધિકારીની કચેરી, બી-બ્લોક, નર્મદા ભવન, વડોદરા.